। શ્રી સંભવનાથાય નમઃ ।    । શ્રી અજિતનાથાય નમઃ ॥    ॥ શ્રી શાંતિનાથાય નમઃ ।

અધ્યાત્મયોગી પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી
મહારાજ સાહેબની જન્મ શતાબ્દી વર્ષે

# અતિચાર ગોખો અને યાદ રાખો

-: પ્રેરક :-

**(પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય તત્ત્વદર્શનસૂરીશ્વરજી મ.સા.)**

-: સૌજન્ય :-

**ગુરૂભક્ત પરિવાર**

**ATICHAR GOKHO ANE YAD RAKHO**
Navbharat Sahitya Mandir, AHMEDABAD-380001
પ્રથમ આવૃત્તિ : 2025 (1000 નકલ)
દ્વિતીય આવૃત્તિ : 2025 (500 નકલ)
₹ 30/-
**પ્રકાશક**
મહેન્દ્ર પી. શાહ
**નવભારત સાહિત્ય મંદિર**
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન: (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧
E-mail : info@navbharatonline.com Web : www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir
**પ્રાપ્તિસ્થાન (કૃપા કરીને વ્હોટ્સએપ મોકલવો.)**
**૧) કીર્તિ મુરજી રાંભિયા (ભનફરાવાળા)**
A-1 Collection LLp, ઇન્દ્રપ્રસ્થ શો. સેન્ટર, બોરીવલી (વે.), એસ.વી. રોડ,
મુંબઈ - 400092 (W) 9867-5522-87
**૨) શ્રી કલાપૂર્ણસૂરિ આરાધના ભવન**
પાર્થ ફ્લેટની બાજુમાં, રેડક્રોસની સામેની ગલીમાં, સુવિધા શોપિંગ સેન્ટરની પાછળ,
પાલડી, અમદાવાદ - 380 007 (W) 98244-72901

# ચાલો અતિચાર ગોખીએ.

## અહીં અતિચાર "કડી-જોડાણ" પદ્ધતિથી સંકલિત કર્યા છે, અતિચાર ગોખતા પહેલા જરા ધ્યાનથી વાંચો.

1) અતિચારને યાદ રાખી શકાય તેવા નાના, નાના ફકરામાં ગોઠવ્યા છે, જેથી અતિચારને ગોખવામાં સરળતા રહેશે.

2) અતિચારમાં "કડી-જોડાણ"થી ગાથાનું સંકલન છે એટલે પાછળના શબ્દોને નવી કડી કે નવા પદની આગળ મૂકીને ગોખવાનું છે.

3) જેમકે, પહેલા **"નાણંમિ દંસણમ્મિઅ"** ૩૦-૪૦ વાર ગોખવાનું છે. પછી બીજી કડીને **"નાણંમિ દંસણમ્મિઅ"** + **"ચરણમ્મિ તવમ્મિ તહય"** આ રીતે ૩૦-૪૦ વાર ગોખવાની છે. ત્યાર બાદ ત્રીજી કડીને **"ચરણમ્મિ તવમ્મિ તહય"** + **"વીરિયમ્મિ, આયરણં આયારો"** પ્રમાણે ૩૦થી ૪૦ વાર ગોખવાનું છે, એ જ પ્રમાણે ચોથી કડીને **"આયરણં આયારો"** + **"ઇઅ એસો પંચહા ભણિઓ"** આ રીતે બરાબર દરેક કડીને ૩૦-૪૦ વાર ગોખવી ખૂબ જ જરૂરી છે.

4) ફકરા-ફકરા વચ્ચેનું "કડી-જોડાણ"માં નવા ફકરાની શરૂઆતમાં જૂના ફકરાની (પાછળના ફકરાની) છેલ્લી ૧ કડીને મૂકી છે. નવા ફકરામાં પાછળની કડી નીચે અન્ડરલાઇન કરી છે. આમ, કડી-જોડાણ પદ્ધતિથી ગોખેલા અતિચાર પ્રાયઃ ઘણા લાંબા સમય સુધી યાદ રહે છે.

5) પ્રશ્ન થાય કે, "કડી-જોડાણ"નો ભાગ અતિચાર કંઠસ્થ બોલતી વખતે બે વાર બોલાઈ જશે તો?

અનુભવ સિદ્ધ વાત છે કે, એકવાર જાતે પ્રયત્ન કરીને અતિચાર "કડી-જોડાણ" પદ્ધતિથી ગોખીને જોઈ લો, જાદુ થઇ જશે. કડી-જોડાણનું પુનરાવર્તન નહીં થાય અને ફકરા પછી ફકરા ભૂલ વગર કંઠસ્થ થઇ જશે, આખા અતિચાર કડકડાટ કંઠસ્થ બોલી શકાશે.

**ચાલો હવે પૂ. વજસ્વામીજીનું સ્મરણ કરીને અતિચાર ગોખવાની શુભ શરૂઆત કરીએ.**

- શું પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ બોલવામાં ભૂલ પડે છે?
- શું ગાથા પછી ગાથા યાદ નથી આવતી?
- શું પ્રતિક્રમણમાં સૂત્રો બોલતા ડર લાગે છે?

## ચિંતા ન કરશો
## ઉપાય મળી ગયો છે.

"કડી-જોડાણ" પદ્ધતિયુક્ત

# સૂત્ર ગોખો અને યાદ રાખો

**[ભાગ-૧ બે પ્રતિક્રમણ સૂત્રો ગોખવા માટે**
**ભાગ-૨ પક્ખી પ્રતિક્રમણ સૂત્રો ગોખવા માટે]**

પુસ્તિકાથી સૂત્ર ગોખો.

# ખુશખબર.

## દિન-રાત્રિ સ્વાધ્યાય માટે

- સૂત્ર-ગાથાના પ્રથમ પ્રથમ અક્ષરના પાંચ-પાંચ અક્ષરોના સમૂહ વડે "આદ્યાક્ષર કાર્ડ" તૈયાર થયા છે.

## સૂત્ર પ્રેમી - સ્વાધ્યાય પ્રેમી

## મહાત્મા, ગૃહસ્થો માટે - આદ્યાક્ષર કાર્ડસ

- બે પ્રતિક્રમણ - પાંચ પ્રતિક્રમણ સૂત્રો
- 4 પ્રકરણ, 3 ભાષ્ય, 6 કર્મગ્રંથ, જ્ઞાનસાર, શાંત સુધારસ, દસવૈકા. વીતરાગસ્તોત્ર, પ્રશમરતિ, સંબોધ સપ્તતિ, સિંદૂર પ્રકર, ઉપદેશ માલા, વૈરાગ્ય શતક, ઇન્દ્રિય પરાજય શતક વગેરે.

# શ્રી પાક્ષિકાદિ અતિચાર સૂત્ર

દરેક કડીને ક્ષયોપશમ મુજબ ૪૦-૫૦ વાર ગોખવી. ઉપરનું પદ અને નીચેના પદ સાથે જ ગોખવા.

૧ નાણંમિ દંસણમ્મિ અ

૨ નાણંમિ દંસણમ્મિ અ +
ચરણમ્મિ તવમ્મિ તહ ય

૩ ચરણમ્મિ તવમ્મિ તહ ય +
વીરિયમ્મિ, આયરણં આયારો,

૪ વીરિયમ્મિ, આયરણં આયારો +
ઇઅ એસો પંચહા ભણિઓ

૫ આયરણં આયારો, ઇઅ એસો પંચહા ભણિઓ +

જ્ઞાનાચાર દર્શનાચાર ચારિત્રાચાર

તપાચાર વીર્યાચાર

એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતા-અજાણતા હુઓ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ।

દરેક ફકરાને બરાબર સારી રીતે ગોખ્યા પછી અતિચાર કંઠસ્થ બોલશો ત્યારે "કડી-જોડાણ" ભાગ આપોઆપ નીકળી જશે.

# જ્ઞાનાચાર

૧ મિચ્છા મિ દુક્કડં +

તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર,

કાલે વિણએ બહુમાણે

૨ કાલે વિણએ બહુમાણે +

ઉવહાણે તહ અનિણ્હવણે

૩ ઉવહાણે તહ અનિણ્હવણે +

વંજણ-અત્થ તદુભએ

૪ <u>વંજણ-અત્થ તદુભએ</u> +

અટ્ઠવિહો નાણ-માયારો

---

૫ <u>વંજણ-અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણ-માયારો</u> +

જ્ઞાન કાળવેળાએ ભણ્યો ગણ્યો નહીં,

અકાળે ભણ્યો,

વિનયહીન,

બહુમાનહીન,

યોગ-ઉપધાનહીન,

અનેરા કન્હે ભણી

અનેરો ગુરુ કહ્યો.

---

૬ <u>વિનયહીન, બહુમાનહીન, યોગ-ઉપધાનહીન,</u>

<u>અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો</u> +

દેવ ગુરુ વાંદણે

પડિક્કમણે

સજ્ઝાય કરતાં

ભણતાં ગુણતાં

કૂડો અક્ષર કાને માત્રાએ અધિકો ઓછો ભણ્યો

સૂત્ર કૂડું કહ્યું

અર્થ કૂડો કહ્યો

તદુભય કૂડાં કહ્યાં, ભણીને વિસાર્યા,

૭ <u>સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, તદુભય કૂડાં કહ્યાં,</u>

<u>ભણીને વિસાર્યા</u> +

સાધુતણે ધર્મે કાજો અણઉદ્ધર્યે,

દાંડો અણપડિલેહે,

વસતિ અણશોધે,

અણપવેસે, અસજ્ઝાય, અણોજ્ઝાયમાંહે

શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો-ગણ્યો.

---

૮ <u>અણોજ્ઝાયમાંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો-ગણ્યો.</u> +

શ્રાવકતણે ધર્મે સ્થવિરાવલિ,

પડિક્કમણાં,

ઉપદેશમાલા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગણ્યો.

કાળવેળાએ કાજો અણઉદ્ધર્યે પઢ્યો

---

૯ કાળવેળાએ કાજો અણઉદ્ધર્યે પઢ્યો +

જ્ઞાનોપગરણ પાટી, પોથી, ઠવણી,

કવલી, નોકારવાલી,

સાપડા-સાપડી,

દસ્તરી, વહી કાગલિયા,

ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો,

થૂંક લાગ્યું, થૂંકે કરી અક્ષર માંજ્યો.

---

૧૦ કાગલિયા, ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થૂંક લાગ્યું,
થૂંકે કરી અક્ષર માંજ્યો. +
ઓશીસે ધર્યો,
કને છતાં આહાર નિહાર કીધો.
જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી,
પ્રજ્ઞાપરાધે વિણાસ્યો,
વિણસતાં ઉવેખ્યો,
છતી શક્તિએ સાર સંભાળ ન કીધી.

૧૧ <u>છતી શક્તિએ સાર-સંભાળ ન કીધી.</u> +

જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ, મત્સર ચિંતવ્યો.

અવજ્ઞા આશાતના કીધી.

કોઇ પ્રત્યે ભણતાં ગણતાં અંતરાય કીધો.

આપણા જાણપણાતણો ગર્વ ચિંતવ્યો.

---

૧૨ <u>અંતરાય કીધો, આપણા જાણપણાતણો ગર્વ ચિંતવ્યો.</u> +

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન,

અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન,

કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનતણી અસદ્દહણા કીધી.

કોઇ તોતડો, બોબડો દેખી હસ્યો, વિતર્ક્યો. (વિતર્ + ક્યો)

---

૧૩ કોઇ તોતડો બોબડો દેખી હસ્યો વિતર્ક્યો. (વિતર્ + ક્યો) + અન્યથા પ્રરૂપણા કીધી.

જ્ઞાનાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ....
મિચ્છા મિ દુક્કડં

**દરેક ફકરામાં ઉપર-નીચેના પદોને ક્ષયોપશમ મુજબ ૪૦-૫૦ વાર ગોખવા.**

# દર્શનાચાર

દરેક ફકરામાં ઉપરનું પદ અને નીચેના પદોને સાથે, ક્ષયોપશમ મુજબ ૩૦-૪૦-૫૦ વાર ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં +

દર્શનાચારે આઠ અતિચાર, નિસ્સંકિઅ નિક્કંખિઅ

---

૨ નિસ્સંકિઅ નિક્કંખિઅ +

નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિ અ

---

૩ નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિ અ +

ઉવવૂહ થિરીકરણે

---

૪ ઉવવૂહ થિરીકરણે +

વચ્છલ્લ-પ્પભાવણે અટ્ઠ

૫ ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ-પ્પભાવણે અટ્ઠ +

દેવ-ગુરુ ધર્મતણે વિષે નિઃશંકપણું ન કીધું,

તથા એકાંત નિશ્ચય ન કીધો,

ધર્મ સંબંધીયા ફલતણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં.

૬ ધર્મ સંબંધીયા ફલતણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં. +

સાધુ સાધ્વીના મલમલિન ગાત્ર દેખી દુગંછા નિપજાવી

કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ.

૭ કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ. +
મિથ્યાત્વતણી પૂજા પ્રભાવના દેખી મૂઢદષ્ટિપણું કીધું
તથા સંઘમાંહે ગુણવંતતણી અનુપબૃંહણા કીધી

૮ સંઘમાંહે ગુણવંતતણી અનુપબૃંહણા કીધી +
અસ્થિરીકરણ, આવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નિપજાવી,
અબહુમાન કીધું
તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય
ભક્ષિત, ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાશ્યા,
વિણસતાં ઉવેખ્યા,
છતી શક્તિએ સાર-સંભાળ ન કીધી.

૯ <u>છતી શક્તિએ સાર-સંભાળ ન કીધી.</u> +

તથા સાધર્મિક સાથે કલહ કર્મબંધ કીધો.

અધોતી, અષ્ટપડ મુખકોશ પાખે દેવપૂજા કીધી.

બિંબ પ્રત્યે વાસકૂંપી, ધૂપધાણું કળશતણો ઠબકો લાગ્યો.

૧૦ <u>બિંબ પ્રત્યે વાસકૂંપી, ધૂપધાણું કળશતણો ઠબકો લાગ્યો</u> +

બિંબ હાથ થકી પાડ્યું,

ઊસાસ નિઃસાસ લાગ્યો.

દેહરે, ઉપાશ્રયે મલશ્લેષ્માદિક લોહ્યું.

દેહરામાંહે હાસ્ય, ખેલ, કેલિ, કુતૂહલ,

આહાર, નિહાર કીધા.

પાન, સોપારી, નિવેદીઆ ખાધા.

---

૧૧ આહાર નિહાર કીધા. પાન સોપારી નિવેદીઆ ખાધા. +

ઠવણાયરિય હાથ થકી પાડ્યાં.

પડિલેહવા વિસાર્યા.

જિનભવને ચોરાશી આશાતના,

ગુરુ ગુરુણી પ્રત્યે તેત્રીસ આશાતના કીધી હોય,

ગુરુવચન 'તહત્તિ' કરી પડિવજ્યું નહીં.

દર્શનાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિચ્છા મિ દુક્કડં.

---

# ચારિત્રાચાર

દરેક કડીને ક્ષયોપશમ મુજબ ૪૦-૫૦ વાર ગોખવી.

૧ મિચ્છા મિ દુક્કડં +

ચારિત્રાચારે આઠ અતિચાર, પણિહાણ જોગજુત્તો

૨ પણિહાણ જોગજુત્તો +

પંચહિં સમિઈહિં, તીહિં ગુત્તીહિં

૩ પંચહિં સમિઈહિં, તીહિં ગુત્તીહિં +

એસ ચરિત્તાયારો

૪ એસ ચરિત્તાયારો +
અટ્ઠવિહો હોઇ નાયવ્વો

---

૫ એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઇ નાયવ્વો +
ઈર્યાસમિતિ તે અણજોયે હિંડ્યા.
ભાષાસમિતિ તે સાવદ્ય વચન બોલ્યા.
એષણા સમિતિ તે તૃણ ડગલ અન્ન પાણી અસુઝતું લીધું.

---

૬ એષણા સમિતિ તે તૃણ ડગલ, અન્ન પાણી અસુઝતું લીધું. +
આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ તે
આસન, શયન, ઉપકરણ, માતરું પ્રમુખ
અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ મૂક્યું, લીધું.

પારિષ્ઠાપનિકા સમિતિ તે મલ, મૂત્ર, શ્લેષ્માદિક
અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું.

૭ <u>મલ મૂત્ર, શ્લેષ્માદિક અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું.</u> +
મનોગુપ્તિ મનમાં આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાયાં.
વચનગુપ્તિ સાવદ્ય વચન બોલ્યા.
કાયગુપ્તિ શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠાં.

૮ <u>કાયગુપ્તિ શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠાં.</u> +
એ અષ્ટ પ્રવચન માતા સાધુતણે ધર્મે સદૈવ અને
શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે રૂડી પેરે પાળ્યા નહીં
ખંડણા વિરાધના હુઇ. ચારિત્રાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# શ્રી સમ્યક્ત્વ વ્રત

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં +

વિશેષતઃ શ્રાવકતણે ધર્મે શ્રીસમ્યકત્વ મૂલ બાર વ્રત,

સમ્યકત્વતણા પાંચ અતિચાર

સંકાકંખ-વિગિચ્છા૦

શંકા-શ્રી અરિહંતતણાં બલ, અતિશય,

જ્ઞાનલક્ષ્મી, ગાંભિર્યાદિક ગુણ,

શાશ્વતી પ્રતિમા,

ચારિત્રિયાનાં ચારિત્ર,

શ્રી જિનવચનતણો સંદેહ કીધો.

૨ ચારિત્રિયાનાં ચારિત્ર, શ્રી જિનવચનતણો સંદેહ કીધો. +

આકાંક્ષા-બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર,

ક્ષેત્રપાલ-ગોગો-આસપાલ,

પાદરદેવતા, ગોત્રદેવતા,

ગ્રહપૂજા, વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલી, નાહ ઇત્યેવમાદિક

દેશ, નગર, ગામ, ગોત્ર, નગરી, જુજુઆ દેવ-દેહરાના પ્રભાવ દેખી

રોગ આતંક કષ્ટ આવ્યે ઇહલોહ પરલોકાર્થે પૂજ્યા, માન્યા.

૩ રોગ આતંક કષ્ટ આવ્યે, ઇહલોહ પરલોકાર્થે પૂજ્યા, માન્યા. +

સિદ્ધ વિનાયક, જીરાઉલાને માન્યું ઇચ્છ્યું.

બૌદ્ધ સાંખ્યાદિક સંન્યાસી, ભરડા, ભગત

લિંગિયા, જોગીયા, જોગી, દરવેશ

અનેરા દર્શનીયાતણો

કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી,

પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા વ્યામોહ્યા,

કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં.

૪ <u>પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા વ્યામોહ્યા, કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં.</u> +

શ્રાદ્ધ, સંવચ્છરી, હોળી, બળેવ, માહિપૂનમ,

અજાપડવો, પ્રેતબીજ, ગૌરીત્રીજ,

વિનાયકચોથ, નાગપંચમી,

ઝીલણાછઠ્ઠી, શીલસાતમી, ધ્રુવઆઠમી

નૌલીનવમી, અહવાદશમી, વ્રતઅગ્યારશી, વચ્છબારશી

---

૫ <u>નૌલીનવમી, અહવાદશમી, વ્રતઅગ્યારશી, વચ્છબારશી</u> +

ધનતેરસી, અનંતચઉદશી, અમાવસ્યા

આદિત્યવાર, ઉત્તરાયણ, નૈવેદ્ય કીધાં.

નવોદક, યાગ, ભોગ, ઉતારણાં કીધાં, કરાવ્યાં, અનુમોદ્યા.

પીંપલે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં.

---

૬ <u>ઉતારણાં કીધાં, કરાવ્યાં, અનુમોદ્યા, પીંપલે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં.</u> +

ઘર, બાહિર, ક્ષેત્રે, ખલે,

કૂવે, તળાવે, નદીએ, દ્રહે, વાવીએ, સમુદ્રે,

કૂંડે પુન્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યા,

દાન દીધાં

ગ્રહણ, શનૈશ્ચર, માહ-માસે

નવરાત્રી ન્હાયા, અજાણના થાપ્યાં.

---

૭ ગ્રહણ શનૈશ્ચર માહ-માસે નવરાત્રીએ ન્હાયા, અજાણના થાપ્યાં +

અનેરા વ્રત-વ્રતોલા કીધાં કરાવ્યાં.

'વિતિગિચ્છા' ધર્મ સંબંધીયા ફલતણે વિષે સંદેહ કીધો.

જિન અરિહંત ધર્મના આગાર,

વિશ્વોપકાર-સાગર,

મોક્ષમાર્ગના દાતાર,

ઇસ્યા ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા.

---

૮ વિશ્વોપકાર-સાગર, મોક્ષમાર્ગના દાતાર,

ઇસ્યા ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા. +

મહાસતી, મહાત્માની ઇહલોક પરલોક સંબંધીયા ભોગવાંછિત પૂજા કીધી,

રોગ, આતંક, કષ્ટ આવ્યે ખીણ વચન ભોગ માન્યા.

મહાત્માના ભાત, પાણી, મલ, શોભાતણી નિંદા કીધી.

કુચારિત્રીયા દેખી, ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ.

---

૯ કુચારિત્રીયા દેખી, ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ. +

મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી પ્રશંસા કીધી, પ્રીતિ માંડી.

દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો, કીધો.

શ્રી સમ્યક્ત્વ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

---

# પ્રાણાતિપાત

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં. +

પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતે પાંચ અતિચાર

વહબંધ-છવિચ્છેએ૦

દ્વિપદ ચતુષ્પદ પ્રત્યે રીસવશે ગાઢો ઘાવ ઘાલ્યો

ગાઢે બંધને બાંધ્યો

અધિક ભાર ઘાલ્યો.

નિર્લાંછન કર્મ કીધાં.

ચારા પાણીતણી વેળાએ સારસંભાળ ન કીધી.

૨ <u>નિલાઁછન કર્મ કીધાં. ચારા પાણીતણી વેળાએ સારસંભાળ ન કીધી.</u> +

લેહણે-દેહણે કિણહિ પ્રત્યે લંઘાવ્યો,

તેણે ભૂખ્યે આપણે જમ્યા,

કન્હે રહી મરાવ્યો, બંદીખાને ઘલાવ્યો.

---

૩ <u>કન્હે રહી મરાવ્યો, બંદીખાને ઘલાવ્યો.</u> +

સળ્યાં ધાન્ય તાવડે નાખ્યા, દળાવ્યાં, ભરડાવ્યાં, શોધી ન વાવર્યા.

ઈંધણ છાણાં અણશોધ્યાં બાળ્યાં;

તેમાંહિ સાપ, વિંછી, ખજૂરા, સરવલા,

માંકડ, જુઆ, ગિંગોડા, સાહતાં મુઆ,

દુહવ્યાં, રૂડે સ્થાનકે ન મૂક્યા.

---

૪ જુઆ, ગિંગોડા, સાહતાં મુઆ, દુહવ્યાં, રૂડે સ્થાનકે ન મૂક્યા. +

કીડી મંકોડીના ઈંડા વિછોહ્યાં.

લીખ ફોડી. ઉદ્દેહી, કીડી, મંકોડી,

ઘીમેલ, કાતરા, ચુડેલ પતંગિયા,

દેડકાં, અલસિયાં, ઈયળ, કુંતા

ડાંસ, મસા, બગતરા માખી

તીડ પ્રમુખ જીવ વિણટ્ઠા.

માળા હલાવતાં, ચલાવતાં પંખી, ચકલાં, કાગતણાં ઈંડા ફોડ્યાં.

૪ <u>માળા હલાવતાં ચલાવતાં પંખી, ચકલાં, કાગતણાં ઈંડા ફોડ્યાં.</u> +

અનેરા એકેંદ્રિયાદિક જીવ વિણાસ્યાં, ચાંપ્યા, દુહવ્યા.

કાંઇ હલાવતાં, ચલાવતાં પાણી છાંટતાં,

અનેરા કાંઇ કામકાજ કરતાં નિર્ધ્વંસપણું કીધું,

જીવરક્ષા રૂડી ન કીધી

---

**અતિચાર ગોખવા અંગે આપશ્રીનો અનુભવ/અભિપ્રાય 9867-5522-87 ઉપર what'sAp કરવા વિનંતી.**

૫ અનેરા કાંઇ કામકાજ કરતાં નિર્ધ્વંસપણું કીધું,

જીવરક્ષા રૂડી ન કીધી. +

સંખારો સૂકવ્યો.

રૂડું ગલણું ન કીધું.

અણગળ પાણી વાવર્યું.

રૂડી જયણા ન કીધી.

અણગળ પાણીએ ઝીલ્યાં.

લુગડાં ધોયાં.

ખાટલા તાવડે નાંખ્યા, ઝાટક્યા.

૬ લુગડાં ધોયા. ખાટલા તાવડે નાંખ્યા, ઝાટક્યા. +

જીવાકુલ ભૂમિ લીંપી.

વાશી ગાર રાખી.

દળણે, ખાંડણે, લીંપણે રૂડી જયણા ન કીધી.

આઠમ ચઉદશના નિયમ ભાંગ્યા.

ધૂણી કરાવી.

પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

**કડીજોડાણ પદ્ધતિની ગેરંટી છે,**
**કે અતિચાર કંઠસ્થ થઇ જશે.**

# મૃષાવાદ

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં. +

બીજે સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતે પાંચ અતિચાર

સહસા-રહસ્સદારે૦

સહસાત્કારે કુણહી પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું.

સ્વદારા-મંત્રભેદ કીધો.

અનેરા કુણહીનો મંત્ર, આલોચ, મર્મ પ્રકાશ્યો.

કુણહીને અનર્થ પાડવા કૂડી બુદ્ધિ દીધી.

કૂડો લેખ લખ્યો,

કૂડી સાખ ભરી,

થાપણ મોસો કીધો.

---

૨ કૂડો લેખ લખ્યો, કૂડી સાખ ભરી, થાપણ મોસો કીધો. +

કન્યા, ગૌ, ઢોર, ભૂમિસંબંધી

લેહણે દેહણે વ્યવસાયે વાદ વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા.

હાથ પગતણી ગાળ દીધી.

કડકડા મોડ્યા.

મર્મ વચન બોલ્યા.

બીજે સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

---

# અદત્તાદાન

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં. +

ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતે પાંચ અતિચાર

'તેનાહડપ્પઓગે૦'

ઘર, બાહિર, ક્ષેત્રે, ખલે

પરાઇ વસ્તુ અણમોકલી લીધી, વાવરી,

ચોરાઇ વસ્તુ વહોરી.

ચોર, ધાડ, પ્રત્યે સંકેત કીધો.

તેહને સંબલ દીધું,

તેહની વસ્તુ લીધી.
વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો.

૨ તેહને સંબલ દીધું, તેહની વસ્તુ લીધી. વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો. +

નવા-પુરાણા, સરસ-વિરસ,
સજીવ-નિર્જીવ વસ્તુના ભેળ સંભેળ કીધા.
કૂડે, કાટલે, તોલે, માને, માપે વહોર્યા.
દાણચોરી કીધી,
કુણહીને લેખે વરાંસ્યો.

૩ દાણચોરી કીધી, કુણહીને લેખ વરાંસ્યો. +

સાટે લાંચ લીધી,

કૂડો કરહો કાઢ્યો,

વિશ્વાસઘાત કીધો,

પરવંચના કીધી

પાસંગ કૂડાં કીધાં.

દાંડી ચઢાવી.

લહકે ત્રહકે કૂડા કાટલાં માન માપાં કીધાં.

---

૪ દાંડી ચઢાવી. લહકે ત્રહકે કૂડા કાટલાં માન માપાં કીધાં. +

માતા-પિતા, પુત્ર, કલત્ર વંચી કુણહીને દીધું.

જુદી ગાંઠ કીધી. થાપણ ઓળવી.

કુણહીને લેખે પલેખે ભૂલવ્યું
પડી વસ્તુ ઓળવી લીધી
ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ... મિ. દુ.

# પરસ્ત્રીગમનવિરમણ

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં. +
ચોથે સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમન-વિરમણવ્રતે
પાંચ અતિચાર, અપરિગ્ગહિયા- ઈત્તર૦

અપરિગૃહીતા-ગમન,

ઈત્વર-પરિગૃહિતા-ગમન કીધું.

૨ અપરિગૃહીતા-ગમન, ઈત્વર-પરિગૃહિતા-ગમન કીધું. +

વિધવા વેશ્યા પરસ્ત્રી કુલાંગના, સ્વદારા શોકતણે વિષે દષ્ટિવિપર્યાસ કીધો.

સરાગ વચન બોલ્યા.

આઠમ, ચૌદશ અનેરી પર્વતિથિના નિયમ લઇ ભાંગ્યા.

ઘરઘરણાં કીધાં કરાવ્યાં.

૩ અનેરી પર્વતિથિના નિયમ લઇ ભાંગ્યા. ઘરઘરણાં કીધાં, કરાવ્યાં. +

વર-વહૂ વખાણ્યાં.

કુવિકલ્પ ચિંતવ્યો.

અનંગક્રીડા કીધી.

સ્ત્રીનાં અંગોપાંગ નીરખ્યાં.

પરાયા વિવાહ જોડ્યા.

ઢીંગલા ઢીંગલી પરણાવ્યાં.

કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો.

---

**કડીજોડાણ પદ્ધતિ સૂત્રો ગોખવા માટે અકસીર ઉપાય છે.**

૪ <u>કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો.</u> +

અતિક્રમ, વ્યતિક્રમ,

અતિચાર, અનાચાર,

સુહણે સ્વપ્નાંતરે હુઆ,

કુસ્વપ્ન લાધ્યાં.

નટ વિટ સ્ત્રીશું હાંસું કીધું.

ચોથે સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમન વિરમણ વ્રત વિષઇઓ અનેરો... મિ. દુ.

# પરિગ્રહ-પરિમાણ વ્રત

૧ મિચ્છા મિ દુક્કડં. +

પાંચમે પરિગ્રહ-પરિમાણવ્રતે પાંચ અતિચાર

ધણ-ધન્ન-ખિત્ત-વત્થૂ૦

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય,

દ્વિપદ, ચતુષ્પદ એ નવવિધ પરિગ્રહતણા

નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી, મૂર્છા લગે સંક્ષેપ ન કીધો.

૨ નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી, મૂર્છાલગે સંક્ષેપ ન કીધો. +

માતા-પિતા પુત્ર સ્ત્રીતણે લેખે કીધો.

પરિગ્રહ પરિમાણ લીધું નહીં,

લઇને પઢ્યું નહીં,

પઢવું વિસાર્યું,

અલીધું મેલ્યું

નિયમ વિસાર્યા

પાંચમે પરિગ્રહ પરિમાણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

અતિચાર ગોખવા માટે કડી-જોડાણ ઉપયોગી કે બિનઉપયોગી? જણાવો What'sAp No. 9867-5522-87

# દિક્પરિમાણવ્રત

૧ મિચ્છા મિ દુક્કડં. +

છટ્ઠે દિક્પરિમાણવ્રતે પાંચ અતિચાર

'ગમણસ્સ ઉ પરિમાણે૦'

ઊર્ધ્વદિશિ, અધોદિશિ, તિર્યગ્ દિશિએ

જાવા-આવવાતણા નિયમ લઇ ભાંગ્યા.

**અજિતશાંતિ ગોખવા માટે**
**અજિતશાંતિ! આદેશ દેશોજી.**

૨ તિર્યગ્ દિશિએ જાવા-આવવાતણા નિયમ લઇ ભાંગ્યા. +

અનાભોગે વિસ્મૃતલગે અધિક ભૂમિ ગયા.

પાઠવણી આઘી પાછી મોકલી.

વહાણ વ્યવસાય કીધો.

વર્ષાકાળે ગામતરું કીધું.

ભૂમિકા એક ગમા સંક્ષેપી,

બીજી ગમા વધારી.

છટ્ઠે દિક્પરિમાણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# ભોગોપભોગ વિરમણવ્રત

૧ મિચ્છા મિ દુક્કડં. +

સાતમે ભોગોપભોગ વિરમણવ્રતે

ભોજન આશ્રયી પાંચ અતિચાર

અને કર્મહુંતી પંદર અતિચાર એવં વીસ અતિચાર

'સચ્ચિત્તે પડિબદ્ધે૦'

૨ એવં વીસ અતિચાર 'સચ્ચિત્તે પડિબદ્ધે૦' +

સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું.

અપક્વાહાર,

દુષ્પક્વાહાર,

તુચ્છૌષધિતણું ભક્ષણ કીધું.

ઓળા, ઉંબી, પોંક પાપડી ખાધાં.

૩ ઓળા, ઉંબી, પોંક પાપડી ખાધાં. +

સચ્ચિત્ત દવ્વ-વિગઈ

૪ સચ્ચિત્ત દવ્વ-વિગઈ +

વાણહ તંબોલ-વત્થ

૫ વાણહ તંબોલ વત્થ +

કુસુમેસુ

૬ <u>કુસુમેસુ</u> +

વાહણ-સયણ-વિલેવણ

---

૭ <u>વાહણ-સયણ-વિલેવણ</u> +

બંભ-દિસિ ન્હાણ-ભત્તેસુ.

---

૮ <u>વાહણ-સયણ-વિલેવણ, બંભ-દિસિ ન્હાણ-ભત્તેસુ.</u> +

એ ચૌદ નિયમ દિનગત, રાત્રિગત લીધા નહીં,

લઇને ભાંગ્યા.

બાવીશ અભક્ષ્ય

બત્રીશ અનંતકાયમાંહિ

આદુ, મૂલા, ગાજર,

પિંડ, પિંડાલુ, કચૂરો,
સૂરણ, કુણી આંબલી,
ગળો વાઘરડાં ખાધાં.

---

૯ કચૂરો, સૂરણ, કુણી આંબલી, ગળો વાઘરડાં ખાધાં. +
વાશી કઠોળ, પોળી રોટલી,
ત્રણ દિવસનું ઓદન લીધું,
મધુ મહુડાં, માખણ, માટી,
વેંગણ, પીલું, પીચુ, પંપોટા,
વિષ, હિમ, કરહા, ઘોલવડાં,
અજાણ્યા ફલ, ટીંબરું, ગુંદા,

મહોર, બોળ-અથાણું,
આમ્બલ બોર, કાચું મીઠું,
તિલ, ખસખસ, કોઠિંબડાં ખાધાં.

---

૧૦ કાચું મીઠું, તિલ, ખસખસ, કોઠિંબડાં ખાધાં. +
રાત્રિભોજન કીધાં.
લગભગ વેળાએ વાળુ કીધું.
દિવસ વિણઊગે શિરાવ્યા.
તથા કર્મતઃ પન્નર કર્માદાન,
ઈંગાલ-કમ્મે,
વણ-કમ્મે,

સાડી-કમ્મે,

ભાડી-કમ્મે,

ફોડી-કમ્મે એ પાંચ કર્મ.

દંત-વાણિજ્જે,

લક્ખ-વાણિજ્જે,

રસ-વાણિજ્જે,

કેસ-વાણિજ્જે,

વિસ-વાણિજ્જે, એ પાંચ વાણિજ્ય.

---

**www.sootrakanthasth.com**

૧૧ રસ-વાણિજ્જે, કેસ-વાણિજ્જે, વિસ-વાણિજ્જે, એ પાંચ વાણિજ્ય. +

જંત પિલ્લણ-કમ્મે,

નિલ્લંછણ-કમ્મે,

દવગ્ગિ દાવણયા,

સર-દહ-તલાય-સોસણયા,

અસઈ-પોસણયા એ પાંચ સામાન્ય.

એ પાંચ કર્મ,

પાંચ વાણિજ્ય,

પાંચ સામાન્ય,

એવં પન્નર કર્માદાન બહુ સાવદ્ય મહારંભ,

રાંગણ, લીહાલા કરાવ્યા.

૧૨ <u>એવં પન્નર કર્માદાન બહુ સાવદ્ય મહારંભ,</u>

<u>રાંગણ, લીહાલા કરાવ્યા.</u> +

ઈંટ નિભાડા પકાવ્યાં.

ધાણી, ચણા, પક્વાન્ન કરી વેચ્યાં.

વાશી માખણ તવાવ્યાં.

તિલ વહોર્યા, ફાગણ માસ ઉપરાંત રાખ્યા, દલીદો કીધો.

અંગીઠા કરાવ્યાં.

શ્વાન, બિલાડા, સૂડા સાલહિ પોષ્યાં.

૧૩ અંગીઠા કરાવ્યાં. શ્વાન, બિલાડા, સૂડા સાલહિ પોષ્યાં. +

અનેરાં જે કાંઇ બહુ સાવદ્ય ખરકર્માદિક સમાચર્યાં.

વાશી ગાર રાખી,

લીંપણે ગૂંપણે મહારંભ કીધો.

અણશોધ્યા ચૂલા સંધુક્યાં.

ઘી, તેલ, ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂક્યાં.

૧૪ ઘી, તેલ, ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂક્યાં. +

તેમાંહિ માખી, કુંતી, ઉંદર, ગરોલી પડી.

કીડી ચડી, તેની જયણા ન કીધી.

સાતમે ભોગોપભોગ વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# અનર્થદંડ વિરમણ વ્રત

૧ મિચ્છા મિ દુક્કડં. +

આઠમે અનર્થદંડ વિરમણવ્રતે પાંચ અતિચાર

કંદપ્પે કુક્કુઇએ૰

કંદર્પ લગે વિટ-ચેષ્ટા, હાસ્ય,

ખેલ, કુતૂહલ કીધાં.

પુરુષ-સ્ત્રીના હાવભાવ, રૂપશૃંગાર, વિષયરસ વખાણ્યાં.

રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કીધી.

પરાઇ તાંત કીધી

તથા પૈશુન્યપણું કીધું,

આર્ત્ત-રૌદ્રધ્યાન ધ્યાયા.

---

૨ પરાઇ તાંત કીધી તથા પૈશુન્યપણું કીધું,

આર્ત્ત-રૌદ્રધ્યાન ધ્યાયાં. +

ખાંડા, કટાર, કોશ, કુહાડા,

રથ, ઉખલ, મુશલ,

અગ્નિ, ઘરંટી, નિસાહ, દાતરડાં

પ્રમુખ અધિકરણ મેલી,

દાક્ષિણ્યલગે માગ્યાં, આપ્યાં.

પાપોપદેશ કીધો.

---

૩ દાક્ષિણ્યલગે માગ્યાં, આપ્યાં. પાપોપદેશ કીધો. +

અષ્ટમી, ચતુર્દશીએ ખાંડવા, દળવાતણા નિયમ ભાંગ્યા.

મુખરપણા લગે અસંબદ્ધ વાક્ય બોલ્યા.

પ્રમાદાચરણ સેવ્યાં.

અંઘોલે, નાહણે, દાતણે, પગ-ધોઅણે,

ખેલ પાણી તેલ છાંટ્યાં, ઝીલણે ઝીલ્યાં.

---

૪ પગ-ધોઅણે, ખેલ પાણી તેલ છાંટ્યાં, ઝીલણે ઝીલ્યાં. +

જુગટે રમ્યા,

હિંચોલે હિંચ્યા,

નાટક પ્રેક્ષણક જોયાં.

કણ, કુવસ્તુ, ઢોર લેવરાવ્યાં.

કર્કશ વચન બોલ્યાં.

આક્રોશ કીધા. અબોલા લીધા.

કરકડા મોડ્યા, મત્સર ધર્યો.

સંભેડા લગાડ્યા, શ્રાપ દીધા.

---

૫ કરકડા મોડ્યા, મત્સર ધર્યો. સંભેડા લગાડ્યા, શ્રાપ દીધા. +

ભેંસા, સાંઢ, હુડુ, કુકડા, શ્વાનાદિક ઝુઝાર્યા, ઝૂઝતા જોયા.

ખાદી લગે અદેખાઇ ચિંતવી.

માટી, મીઠું, કણ, કપાસિયા, કાજ વિણ ચાંપ્યા, તે ઉપર બેઠા,

આલી વનસ્પતિ ખૂંદી.

---

૬ <u>માટી, મીઠું, કણ, કપાસિયા, કાજ વિણ ચાંપ્યા, તે ઉપર બેઠા,</u>

<u>આલી વનસ્પતિ ખૂંદી.</u> +

સૂઈ, શસ્ત્રાદિક નીપજાવ્યાં.

ઘણી નિદ્રા કીધી.

રાગ-દ્વેષલગે એક ને ઋદ્ધિ પરિવાર વાંછી,

એક ને મૃત્યુ હાનિ વાંછી.

આઠમે અનર્થ દંડ વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# સામાયિક વ્રત

૧ મિચ્છા મિ દુક્કડં. +

નવમે સામાયિક વ્રતે પાંચ અતિચાર

તિવિહે દુપ્પણિહાણે૦

સામાયિક લીધે મને આહટ્ટ દોહટ્ટ ચિંતવ્યું.

સાવદ્ય વચન બોલ્યા.

શરીર અણપડિલેહ્યું હલાવ્યું.

છતી વેળાએ સામાયિક ન લીધું.

૨ <u>શરીર અણપડિલેહ્યું હલાવ્યું. છતી વેળાએ સામાયિક ન લીધું.</u> +

સામાયિક લઇ ઉઘાડે મુખે બોલ્યા.

ઊંઘ આવી.

વાત વિકથા ઘરતણી ચિંતા કીધી.

વીજ, દીવાતણી ઉજેહિ હુઇ.

કણ, કપાસિયા,

માટી, મીઠું,

ખડી, ધાવડી,

અરણેટો, પાષાણ પ્રમુખ ચાંપ્યાં.

૩ કણ, કપાસિયા, માટી, મીઠું, ખડી, ધાવડી,
અરણેટો, પાષાણ પ્રમુખ ચાંપ્યાં. +
પાણી, નીલ, ફૂલ, સેવાલ,
હરિયકાય, બીયકાય ઇત્યાદિક આભડ્યાં.
સ્ત્રી-તિર્યંચતણા નિરંતર પરંપર સંઘટ્ટ હુઆ.
મુહપત્તિ ઉત્સંઘટ્ટી,
સામાયિક અણપૂગ્યું પાર્યું,
પારવું વિસાર્યું.
નવમે સામાયિક વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# દેશાવગાશિક વ્રત

૧ મિચ્છા મિ દુક્કડં. +

દશમે દેશાવગાશિક વ્રતે પાંચ અતિચાર.

આણવણે પેસવણે૦

---

૨ આણવણે પેસવણે૦ +

આણ-વણપ્પઓગે

---

૩ આણ-વણપ્પઓગે +

પેસ-વણપ્પઓગે

---

૪ પેસ-વણપ્પઓગે +

સદ્દાણુવાઈ રૂવાણુવાઈ

૫ સદ્દાણુવાઈ રૂવાણુવાઈ +

બહિયા-પુગ્ગલ-પક્ખેવે

૬ સદ્દાણુવાઈ રૂવાણુવાઈ બહિયા-પુગ્ગલ-પક્ખેવે +

નિયમિત ભૂમિકામાંહિ બાહેરથી કાંઇ અણાવ્યું,

આપણ કન્હે થકી બાહેર કાંઇ મોકલ્યું અથવા

રૂપ દેખાડી,

કાંકરો નાખી,

સાદ કરી આપણપણું છતું જણાવ્યું.

દશમે દેશાવગાશિક વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# પૌષધોપવાસવ્રત

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં. +

અગિયારમે પૌષધોપવાસ વ્રતે પાંચ અતિચાર,

સંથારુચ્ચારવિહિ૦

અપ્પડિલેહિય દુપ્પડિલેહિય

૨ <u>અપ્પડિલેહિય દુપ્પડિલેહિય</u> +

સિજ્જાસંથારએ

૩ <u>સિજ્જાસંથારએ</u> +

અપ્પડિલેહિય દુપ્પડિલેહિય

૪ <u>અપ્પડિલેહિય દુપ્પડિલેહિય</u> +

ઉચ્ચાર-પાસવણભૂમિ.

૫ <u>અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર-પાસવણભૂમિ.</u> +

પોસહ લીધે સંથારાતણી ભૂમિ ન પૂંજી.

બાહિરલા લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહીં,

પડિલેહ્યાં નહિં.

માતરું અણપૂંજયું હલાવ્યું,
અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું.

---

૬ <u>માતરું અણપૂંજયું હલાવ્યું, અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું.</u> +

પરઠવતાં "અણુજાણહ જસ્સુગ્ગહો" ન કહ્યો.
પરઠવ્યા પૂંઠે વાર ત્રણ "વોસિરે વોસિરે" ન કહ્યું.
પૌષહશાલામાંહિ પેસતા 'નિસિહિ'
નિસરતાં 'આવસ્સહિ' વાર ત્રણ ભણી નહીં.

---

૭ <u>પૌષહશાલામાંહિ પેસતા 'નિસિહિ' નિસરતાં</u>
<u>'આવસ્સહિ' વાર ત્રણ ભણી નહીં.</u> +

પુઢવી-અપ્-તેઊ-વાઊ-વનસ્પતિ,

ત્રસકાયતણાં સંઘટ્ટ, પરિતાપ, ઉપદ્રવ હુઆ,

સંથારા પોરસીતણો વિધિ ભણવો વિસાર્યો.

પોરિસિમાંહે ઉંઘ્યા. અવિધે સંથારો પાથર્યો.

---

૮ <u>પોરિસિમાંહે ઉંઘ્યા. અવિધે સંથારો પાથર્યો.</u> +

પારણાદિક-તણી ચિંતા કીધી,

કાલવેલાએ દેવ ન વાંદ્યા.

પડિક્કમણું ન કીધું.

પોસહ અસુરો લીધો, સવેરો પાર્યો.

પર્વતિથિએ પોસહ લીધો નહીં.

અગિયારમે પૌષધોપવાસવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

---

# અતિથિ-સંવિભાગ-વ્રત

ઉપર-નીચેના પદોને સાથે જ ગોખવા.

૧ મિચ્છા મિ દુક્કડં. +

બારમે અતિથિ-સંવિભાગ વ્રતે પાંચ અતિચાર

સચ્ચિત્તે નિક્ખિવણે૦

સચ્ચિત્ત વસ્તુ હેઠ ઉપર છતાં મહાત્મા મહાસતી

પ્રત્યે અસૂઝતું દાન દીધું,

દેવાની બુદ્ધિએ અસૂઝતું ફેડી સૂઝતું કીધું,

પરાયું ફેડી આપણું કીધું,

અણદેવાની બુદ્ધિએ સૂઝતું ફેડી અસૂઝતું કીધું,
આપણું ફેડી પરાયું કીધું.

૨ અણદેવાની બુદ્ધિએ સૂઝતું ફેડી અસૂઝતું કીધું, આપણું ફેડી પરાયું કીધું. +
વહોરવા વેળા ટળી રહ્યા. અસુર કરી મહાત્મા તેડ્યાં.
મત્સર ધરી દાન દીધું. ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી.
છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય ન કીધું.
અનેરા ધર્મક્ષેત્ર સીદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યા નહીં.
દીન ક્ષીણ પ્રત્યે અનુકંપાદાન ન દીધું.
બારમે અતિથિ સંવિભાગ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# સંલેષણા

૧ મિચ્છા મિ દુક્કડં. +

સંલેષણાતણા પાંચ અતિચાર...

ઇહલોએ પરલોએ૦

ઇહલોગા-સંસપ્પઓગે,

---

૨ ઇહલોગા-સંસપ્પઓગે +

પરલોગા-સંસપ્પઓગે

---

૩ <u>પરલોગા-સંસપ્પઓગે</u> +

જીવિઆ-સંસપ્પઓગે,

---

૪ <u>જીવિઆ-સંસપ્પઓગે</u> +

મરણા-સંસપ્પઓગે

---

૫ <u>મરણા-સંસપ્પઓગે</u> +

કામભોગા-સંસપ્પઓગે.

---

૬ મરણા-સંસપ્પઓગે, કામભોગા-સંસપ્પઓગે. +

ઇહલોકે ધર્મના પ્રભાવલગે
રાજઋદ્ધિ, સુખ સૌભાગ્ય, પરિવાર વાંછ્યા;
પરલોકે દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર,
ચક્રવર્તીતણી પદવી વાંછી,
સુખ આવ્યે જીવિતવ્ય વાંછ્યું,
દુ:ખ આવ્યે મરણ વાંછ્યું,
કામભોગતણી વાંછા કીધી.
સંલેષણા વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિ. દુ.

# તપાચાર

૧ મિચ્છા મિ દુક્કડં. +

તપાચાર બાર ભેદ

છ બાહ્ય, છ અભ્યંતર

અણસણ-મૂણોઅરિઆ૦

અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વતિથિએ છતી શક્તિએ કીધો નહીં,

ઊણોદરી વ્રત, તે કોલિયા પાંચ સાત ઊણા રહ્યા નહીં.

વૃત્તિસંક્ષેપ, તે દ્રવ્ય ભણી સર્વ વસ્તુઓનો સંક્ષેપ કીધો નહીં.

૨ <u>વૃત્તિસંક્ષેપ, તે દ્રવ્ય ભણી સર્વ વસ્તુઓનો સંક્ષેપ કીધો નહીં.</u> +

રસત્યાગ, તે વિગઈત્યાગ ન કીધો.

કાયક્લેશ, લોચાદિક કષ્ટ સહન કર્યાં નહીં.

સંલીનતા, અંગોપાંગ સંકોચી રાખ્યાં નહીં,

પચ્ચક્ખાણ ભાંગ્યાં, પાટલો ડગડગતો ફેડ્યો નહીં.

---

૩ <u>પચ્ચક્ખાણ ભાંગ્યાં, પાટલો ડગડગતો ફેડ્યો નહીં.</u> +

ગંઠસી, પોરિસી, સાડ્ઢપોરિસી,

પુરિમડ્ઢ, એકાસણું, બિઆસણું,

નીવિ આયંબિલ પ્રમુખ પચ્ચક્ખાણ પારવું વિસાર્યું.

બેસતાં નવકાર ન ભણ્યો, ઊઠતાં પચ્ચક્ખાણ કરવું વિસાર્યું,

ગંઠસીયું ભાંગ્યું.

નીવિ આયંબિલ, ઉપવાસાદિ તપ કરી કાચું પાણી પીધું,

વમન હુઓ.

બાહ્ય તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિચ્છા મિ દુક્કડં.

---

૪ મિચ્છા મિ દુક્કડં. +

અભ્યંતર-તપ

પાયચ્છિત્તં વિણઓ૦

મનશુદ્ધે ગુરુ કન્હે આલોઅણા લીધી નહીં.

ગુરુદત્ત-પ્રાયશ્ચિત્ત તપ લેખાશુદ્ધે પહોંચાડ્યો નહીં.

દેવ, ગુરુ, સંઘ, સાહમ્મિ પ્રત્યે વિનય સાચવ્યો નહીં.

---

૫ દેવ, ગુરુ, સંઘ, સાહમ્મિ પ્રત્યે વિનય સાચવ્યો નહીં. +

બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી પ્રમુખનું વેયાવચ્ચ ન કીધું.

વાચના, પૃચ્છના, પરાવર્ત્તના,

અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો.

---

૬ વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો. +

ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયા,

આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયાં.

કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દશ-વીશનો કાઉસ્સગ્ગ ન કીધો.

અભ્યંતર તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ... મિ. દુ.

---

# વીર્યાચાર

૧ મિચ્છા મિ દુક્કડં. +

વીર્યાચારના ત્રણ અતિચાર

'અણિગૂહિઅ બલવીરિઓ૦'

પઢવે, ગુણવે, વિનય, વૈયાવચ્ચ, દેવપૂજા,

સામાયિક, પોષહ, દાન, શીલ, તપ, ભાવનાદિક

ધર્મકૃત્યને વિષે મન, વચન, કાયાતણું

છતું બળ છતું વીર્ય ગોપવ્યું.

૨ <u>મન, વચન, કાયાતણું છતું બળ, છતું વીર્ય ગોપવ્યું.</u> +

રૂડા પંચાંગ ખમાસમણ ન દીધા.

વાંદણાતણા આવર્તવિધિ સાચવ્યા નહીં.

અન્યચિત્ત નિરાદરપણે બેઠા.

ઉતાવળું દેવવંદન, પડિક્કમણું કીધું.

વીર્યાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર... મિચ્છા મિ દુક્કડં.

---

૩ <u>મિચ્છા મિ દુક્કડં.</u> +

નાણાઈઅટ્ઠ પઇવય,

---

૪ <u>નાણાઈઅટ્ઠ પઇવય,</u> +

સમ્મસંલેહણ પણ પન્નર કમ્મેસુ,

---

૫ સમ્મસંલેહણ પણ પન્નર કમ્મેસુ, +

બારસતપ, વિરિઅતિગં,

૬ બારસતપ, વિરિઅતિગં, +

ચઉવ્વીસ-સયં અઈયારા.

૭ બારસતપ, વિરિઅતિગં, ચઉવ્વીસ-સયં અઈયારા. +

પડિસિદ્ધાણં કરણે૦

પ્રતિષેધ અભક્ષ્ય, અનંતકાય,

બહુબીજ ભક્ષણ, મહારંભ પરિગ્રહાદિક કીધાં.

જીવાજીવાદિક સૂક્ષ્મ વિચાર સદહ્યા નહીં,

આપણી કુમતિ-લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી.

૮ આપણી કુમતિ-લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી. +

તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન,

મૈથુન, પરિગ્રહ,

ક્રોધ, માન, માયા, લોભ,

રાગ, દ્વેષ,

કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય,

રતિ અરતિ, પર-પરિવાદ,

માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય

એ અઢાર પાપસ્થાનક કીધાં કરાવ્યાં અનુમોદ્યાં હોય;

દિનકૃત્ય-પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચ ન કીધાં.

અનેરું જે કાંઇ વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કીધું કરાવ્યું અનુમોદ્યુ હોય, એ ચિહું પ્રકારમાંહે અનેરો જે કોઇ અતિચાર... મિચ્છા મિ દુક્કડં.

---

૯ મિચ્છા મિ દુક્કડં. +

એવંકારે શ્રાવકતણે ધર્મે

શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત એકસો ચોવીસ

અતિચારમાંહિ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

---

॥ ઇતિ શ્રી પાક્ષિકાદિ અતિચાર સમાપ્ત ॥